અગત્યનું

ક્રમાંક:મઉમશબ/પરીક્ષા/૨૦૧૯/ ૨૩૬૯-૯૨
ગુજરાત માધ્યમિક અને ૨૪૬૨
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૭/૧૦/૨૦૧૯

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-૨૦૦૫માં ઉમેરો કરવા બાબત.

સંદર્ભ:- શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૯/૬૧૭/છ તા.૦૧/૧૦/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરકારશ્રી દ્વારા સંદર્ભ દર્શિત ઠરાવથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો ૨૦૦૫માં ધો-૧૦ અને ધો-૧૨ની જાહેર પરીક્ષાઓમાં અસામાન્ય સંજોગો સિવાય મૂલ્યાંકન કાર્યમાં શિક્ષકો ગેરહાજર રહે તો સબંધિત શિક્ષક તેમજ શાળા સંચાલકને કરવાની થતી શિક્ષાની વિનિયમ ૩૬(૮) તરીકેની નવી જોગવાઈ શિક્ષાકોષ્ટક પરિશિષ્ટ-ધ મુજબ ઉમેરો કરવામાં આવેલ છે. જે આ સાથે સામેલ છે. ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારું મોકલી આપવા વિનંતી છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

બીડાણ: ઉપર મુજબ

<u>પરિપત્ર</u>

ક્રમાંક:પરક્ષ/૨૦૧૯/ ૪૨૦૮૦-૪૨૩૦૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
મહેસાણા જિ.મહેસાણા
તા.૨૩/૧૦/૨૦૧૯

રા- નકલ રવાના જાણ વ અમલ સારૂ

પ્રતિ,
આચાર્યશ્રી
માધ્યમિક,ઉ.મા ,સરકારી ,ગ્રાન્ટેડ નોન ગ્રાન્ટેડ શાળાઓ
તમામ જિલ્લો.મહેસાણા

જિલ્લા શિક્ષણાધિકારીવતી
મહેસાણા જિ.મહેસાણા

Scanned by CamScanner

ગુ.મા. અને ઉ.મા. શિ. બોર્ડ
ગાંધીનગર
શાખા........
14 OCT 2019
સહી........
ઇનવર્ડ નંબર.....૧૯૩૨....

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા વિનિયમ-૨૦૦૫ (સુધારેલ)માં વિનિયમ-૩૬(૮)ની નવી જોગવાઇનો ઉમેરો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃમશબ/૧૨૧૯/૬૧૭/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ૦૧/૧૦/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૨૮/૦૮/૨૦૧૯નો પત્ર ક્રમાંકઃમશબ/પરીક્ષા/૨૦૧૯/૨૧૫૭.

ઠ રા વ-

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના પત્રથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-૨૦૦૫ માં ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની જાહેર પરીક્ષાઓમાં અસામાન્ય સંજોગો સિવાય મૂલ્યાંકનકાર્યમાં શિક્ષકો ગેરહાજર રહે તો સબંધિત શિક્ષક તેમજ શાળા સંચાલકને કરવાની થતી શિક્ષાની વિનિયમ-૩૬(૮) તરીકેની નવી જોગવાઇ દાખલ કરવા માટે કરવામાં આવેલ દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો-૨૦૦૫(સુધારેલ)માં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષામાં વિનિયમ-૩૬માં નીચે મુજબનો ઉમેરો કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિનિયમ ક્રમાંકઃ ૩૬ (૮)

શિક્ષા કોષ્ટક પરિશિષ્ટ-ધ મુજબ (બિડાણ સામેલ છે.)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( ટી.એસ.પટેલ )
ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ

પ્રતિ,
અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

P.T.O.

Scanned by CamScanner

- સેક્શન અધિકારીશ્રી. ગ-શાખા, ગ-૧-શાખા, ગ-૨-શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ(ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ મારફત)
- ના. સે. અ. સિલેકટ ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

Scanned by CamScanner

-: શિક્ષણ વિભાગના તા.૦૧/૧૦/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૯/૬૧૭/છ, સાથેનું બિડાણ (પરિશિષ્ટ-ધ) :-

| ક્રમ | પરીક્ષા વિનિયમ | કામગીરી બજાવનાર વ્યક્તિઓની હોદ્દો | ગુન્હો | શિક્ષાની વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૩૬(૮) | સબંધિત શિક્ષક તેમજ શાળા સંચાલક | અસામાન્ય સંજોગો સિવાય મૂલ્યાંકન કાર્યમાંથી શિક્ષકો ગેરહાજર રહે તો અસામાન્ય સંજોગો નીચે મુજબ છે.<br>(૧) શિક્ષકની બિમારીના/અકસ્માતના કિસ્સામા સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી મુક્તિ મળવાપાત્ર રહેશે.<br>(૨) શિક્ષકના નજીકના સગા(માતા-પિતા, પુત્ર-પુત્રી, પતિ, પત્ની) ની ગંભીર બીમારીના કિસ્સામાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી મુક્તિ મળવાપાત્ર રહેશે.<br>(૩) રાજીનામું આપેલ શિક્ષકનું રાજીનામું જીલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા મંજૂર થયેલું હોવું જોઇએ.<br>(૪) ગર્ભવતી મહિલાઓના કિસ્સામાં સિવિલ સર્જનનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી મુક્તિ મળવાપાત્ર રહેશે.<br>(૫) જે મહિલાઓને એક વર્ષ સુધીનું બાળક હોય તેને જન્મના પ્રમાણપત્ર રજૂ કર્યેથી મુક્તિ મળવાપાત્ર રહેશે.<br>(૬) આચાર્ય કે કાર્યકારી આચાર્યના કિસ્સામાં ટ્રસ્ટ મંડળનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી મુક્તિ મળવાપાત્ર રહેશે.<br>(૭) મૂલ્યાંકન કાર્યના સમય દરમ્યાન બોર્ડની કે સરકારશ્રી દ્વારા સોંપવામાં આવેલી કામગીરીમાં રોકાયેલ શિક્ષકને સક્ષમ અધિકારીના પ્રમાણપત્રના આધારે મૂલ્યાંકન કાર્યમાંથી મુક્તિ મળવાપાત્ર રહેશે.<br>(૮) પોતાના લગ્ન પ્રસંગે (મૂલ્યાંકન સમય દરમ્યાન હોય તો) કંકોત્રી રજૂ કર્યેથી મુક્તિ મળવા પાત્ર રહેશે.<br>નોંધ:- જે શિક્ષકોના સંતાન(પુત્ર-પુત્રી) ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષામાં ઉપસ્થિત થયેલ હોય તેને જે તે ધોરણના મૂલ્યાંકન કાર્યમાંથી મુક્તિ મળવાપાત્ર રહેશે નહી. | (૧) શિક્ષક અને સબંધિત સંસ્થા બંનેએ નીચે મુજબનો દંડ ભરવાનો રહેશે.<br>શિક્ષક દીઠ રૂ.૩,૦૦૦/- દંડ<br><br>ઉક્ત દંડની રકમ શિક્ષકે પોતે બોર્ડમાં ભરવાની રહેશે.<br><br>શાળા માટે વર્ગોની સંખ્યા આધારે ગેરહાજર શિક્ષક દીઠ નીચે મુજબના સ્લેબ નક્કી કરેલ છે.<br>૧. ૪ વર્ગો સુધી શિક્ષક દીઠ રૂ.૫૦૦૦/-<br>૨. ૬ વર્ગો સુધી શિક્ષક દીઠ રૂ.૧૦,૦૦૦/-<br>૩. ૮ વર્ગો સુધી શિક્ષક દીઠ રૂ.૧૫,૦૦૦/-<br>૪. ૧૦ વર્ગો સુધી શિક્ષક દીઠ રૂ.૨૦,૦૦૦/-<br>૫. ૧૦ કરતા વધુ વર્ગો માટે શિક્ષક દીઠ રૂ.૨૫,૦૦૦/-<br><br>ઉક્ત દંડની રકમ શાળાઓના સંચાલક મંડળે બોર્ડમાં ભરવાની રહેશે. |

Scanned by CamScanner